ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

# ગોટાળો @ ગાંધીનગર.કોમ

## સરકારી બાબુઓ માટેનો DIET PLAN

તમે જાણો જ છો તેમ, ગાંધીનગરા અને ફાંદ એક સિક્કાની બે બાજુ છે. ફાંદીલાઓમાં પણ સરકારી બાબુઓની ફાંદની તો વાત જ નિરાળી છે. કેટલાંક બાબુઓ તો હવે તેમની ફાંદનો ગર્વ લેતા થયા છે. પરંતુ ઘણા લોકો આ ફાંદને નેસ્તનાબૂદ કરવા મથી રહ્યા છે. તેમાની એક જણ હું પણ છું. ઘણી મહેનત અને ડાયેટીશીયનોની સલાહને આ સરકારી ફાંદ ગણગારતી નથી. (સરકાર જેમ કોઈનું ચલાવતી નથી તેમ આ ફાંદ પણ તેમના પગલે ચાલીને વધતી રહે છે) તો મેં ઘણી મહેનત કરીને સરકારી બાબુઓ માટે એક વિશેષ ડાયેટ પ્લાન તૈયાર કર્યો છે. જરા ધ્યાન આપો...

ગાંધીનગરા સરકારી કર્મચારીઓમાં તેમનું બોડી મેન્ટેન કરવા હવે મોર્નીંગ વોકની ફેશન આવી છે. સવારે ત્રણ થી ચાર કિ.મી. આંટો મારી આવે અને ઘરે આવીને બ્રેડ-બટર અને ભારે નાસ્તો ઝાપટે. તો આવા લોકો માટે ખાસ પ્લાન છે. આવા લોકોએ સવારે હેવી નાસ્તો કરીને જ આંટો મારવા નીકળવું. જો બહું જ ઉતાવળ હોય તો હાથમાં નાસ્તો લઈને ખાતાં ખાતાં મોર્નીંગ વોક પર જવું. જ્યુસ અને બીજા આરોગ્યવર્ધક પીણાની બોટલો સાથે જ રાખવી... એટલે કેલરી માપમાં રહેશે.

દર અઠવાડીયે એક દિવસ દરેક સરકારી અધિકારી અને વર્ગ-૩ના કર્મચારીઓ તેમના પટાવાળાનો રોલ કરે. એટલે કે સવારે પાણી ભરી લેવાનું, ઓફિસની સાફસફાઈ, ચા-નાસ્તો લઈ આવવાનો, ફાઈલોની આપ-લે, વગેરે વગેરે... જો જો બે-ત્રણ મહિનામાં ફરક દેખાશે. (પટાવાળા પણ અત્યારે તો ફાંદાળા બની રહ્યા છે એટલે તેઓએ કામ કરવાની નિષ્ઠામાં થોડો ઘટાડો કરવો આવશ્યક છે.)

ફાંદાળાઓએ તેમની ઓફિસની ખુરશીમાંથી ગાદી કાઢી તેને ખોળામાં લઈને બેસવું. એટલે તેમને એક જ જગ્યા પર લાંબુ બેસી રહેવાનું ગમશે નહીં. તેમને કામ કરવાની ઈચ્છા થશે અને જો કામ કરશે તો ફાંદ પેટમાં જ સમાઈ જશે... તમને ખબર છે કે આ ફાંદ નીકળવાનું મુખ્ય કારણ સરકારી ગાદી જ છે.

શહેરમાં બધાજ ફાંદાળા બાબુઓ એક pot-belly club (ફાંદાળા કલબ) બનાવો. દર અઠવાડીયે રજાના દિવસે બધા ત્યાં ગેટ-ટુ ગેધર માટે ભેગા થાય. ફાંદને કાબુમાં રાખવાના નીતનવા નુસખાઓ એક બીજા સાથે શેરપ કરો. સમય વિતશે તેમ એકાદ-બે જણાની ફાંદ કાબુમાં આવશે અને ઉતરતી ફાંદ જોઈને ફાંદીયા રાજાઓનું પેટ આપોઆપ શરીરમાં સમાઈ જશે.

જે લોકોની ફાંદ બેકાબૂ બની છે તેઓએ રાત્રીના ભોજનનો ત્યાગ કરવો. પણ હાં, સવારના ભોજનમાં બે ટાઈમનું ભેગુ જમી લેવું જરૂરી છે. તો પણ, જો રાત્રે ભૂખ લાગે કે ઊંઘ ન આવતી હોય તેવા કિસ્સામાં નિંદ્રામાં પોઢેલી તેમની પત્નીને ઉઠાડીને જમવાનું બનાવી આપવાનું પ્રેમથી કહેવું... જોજો ભૂખ પણ મરી જશે અને નિરાંતે ઊંઘ પણ આવી જશે.

જે લોકો બહારગામથી આવે છે કે ઓફિસમાં ટિફિન લઈ જાય છે તેમની પત્નીઓએ અઠવાડિયામાં પાંચ દિવસ ખાલી ટિફિન પતિના સામુ સસરાના ફોટોગ્રાફથી ભરી આપવું. એટલે જ્યારે ભૂખ લાગે ત્યારે ટિફિન ખોલીને જોઈ લે... ભૂખ લાગી હશે તો પણ મરી જશે.

ફાંદ બહાર આવવાનું બીજુ કારણ છે ટેન્શન વગરની જીંદગી. સરકારી બાબુઓને રાજ્યની અને લોકોની બહુ ચિંતા હોય છે એટલે તો તેઓ વૈતરૂ કરે છે !!! એ પણ ટેન્શન વિહીન. એટલે તેઓએ મગજમાં ટેન્શન રાખવું. પરિવારનું, નોકરીનું, રૂપિયાનું વગેરે વગેરે ટેન્શન મનમાં રાખવા. જો પોતાનું બધુ હેમખેમ હોય તો પાડોશી પાસેથી ઉધાર લઈ લેવું.

દરેક અધિકારી તેમના કર્મચારીને કંઈ કામ કરવા પત્ર માર્ક કરે તો એમાં નીચે urgent લખી દેવું. જો આમ કરશો તો ચોક્કસથી ઉપરથી લઈને નીચે સુધી છેલ્લે જેના હાથમાં કાગળ જાય તેની ફાંદમાં અડધો ઈંચ ફરક પડશે. ના પડે તો મને યાદ કરજો...

પોલીસ કર્મચારી અધિકારીઓએ બને તેટલો ચરબીયુક્ત ખોરાકનો ત્યાગ કરી રોકડ રકમ જ ખાવી. બને તેટલી નોટો બચાવી રાખવી. કાગળની બનેલી નોટોમાં ચરબી હોતી નથી એટલા માટે ફાંદને કન્ટ્રોલમાં રાખવા તે ચાવીરૂપ ભૂમિકા ભજવી શકે છે.

સરકારી બાબુઓની વધતી ફાંદનું સૌથી મોટુ ટેન્શન તેમની ધર્મપત્નીને હોય છે. પતિની વધતી જતી ફાંદને જોઈ જોઈને બીચારી પત્નીઓ 300ml મિરીન્ડાની બોટલ જેવી થઈ જાય છે. એટલે દરેક પત્નીઓએ દર બે દિવસે તેમના પતિઓને મેથીના પાકનું પાન કરાવવું. તેથી પતિઓની ફાંદ અંદર અને પત્નીઓ ૧000ml બોટલ જેવી બની જશે. જો તેનાથી પણ ફરક ન પડે તો પત્નીએ પતિને સમયે-સમયે અંગુંઠા (હાથનાં નહીં, પગના) પકડાવવા. આપણા વડવાઓ કહીં ગયા છે કે, અંગુઠા પકડવાથી પકડનારનું પેટ ફાંદ બનતું અટકે છે...

# ગાંધીનગરમાં ગરમીના પગલે વીજ વપરાશ વધ્યો

### જાન્યુઆરીથી માર્ચ સુધી સરેરાશ ૩૫ થી ૩૮ મેગાવોટ વિજળીનો વપરાશ : મે માસના અંત સુધી ૬૦ મેગાવોટ વપરાશ થશે

ગાંધીનગર, તા.૭

કાળઝાળ ગરમીથી રાહત મેળવવા પંખા, કુલર, એ.સી.નો વપરાશ વધ્યો છે. આ સાથે જ વિજળીનો વપરાશ પણ સતત વધી રહ્યો છે. હાલમાં ૪૩ મેગાવોટ સુધી પહોંચેલો વિજળીનો વપરાશ મે ના અંત સુધીમાં ૬૦ મેગવોટ થઈ જવાની સંભાવના છે.

ઉનાળાની આકરી ગરમી હવે સૌને અકળાવી રહી છે. મહત્તમ તાપમાન ૪૧-૪૨ ડિગ્રીને આંબી રહ્યું છે. સુર્યનો તડકો આકરા મિજાજમાં છે. એટલી બધી ગરમી પડે છે કે દિવસે અને રાત્રે ફુલ સ્પીડે પંખા ચલાવવા પડે છે. જેમની પાસે કુલર અને એ.સી. સગવડ છે તેઓએ તેનો વપરાશ શરૂ કરી દીધો છે. સરકારી કચેરીઓમાં પણ વિજળીનો વપરાશ વધ્યો છે. ટોરેન્ટ પાવરમાંથી પ્રાપ્ત થતાં આંકડાઓ અનુસાર ગાંધીનગરમાં આ વર્ષે શરૂઆતના મહિનાઓમાં ૩૫ થી ૩૮ મેગાવોટ સુધીનો સરેરાશ વિજળીનો વપરાશ રહ્યો હતો. દર વર્ષે માર્ચ મહિનામાં ગરમી પડવાની શરૂઆત થતાં માર્ચ મહિનાથી વિજળીનો વપરાશ વધે છે પરંતુ આ વર્ષે શિયાળો થોડોક લંબાયો હતો. એપ્રિલ મહિનાથી જ આકરી ગરમી પડવાની શરૂઆત થતાં વિજળીનો વપરાશ વધતો રહ્યો છે. એપ્રિલ માસમાં અત્યાર સુધી ૪૩ મેગાવોટ સુધી વિજળીનો વપરાશ થયો છે. જેમ જેમ ગરમી વધુ પડતી જશે તેમ તેમ વિજળીનો વપરાશ પણ વધતો જશે. આકરી ગરમી પડવાની શરૂ થતા એ.સી.નું વેચાણ વધ્યું છે. મધ્યમ વર્ગીય પરિવારોમાં ઉનાળાના દિવસોમાં ફ્રિઝ, એ.સી., પંખા અને કુલરનો મહત્તમ ઉપયોગ થાય છે. વળી પાણીનો વપરાશ વધતા તેને બીજા કે ત્રીજા માળે ચઢાવવા માટે વિજ મોટરોનો ઉપયોગ વધતા વિજળી વધુ વપરાય છે. ઈલેકટ્રીક અને ઈલેકટ્રોનિક સાધનોનો વપરાશ વધતા સ્વાભાવિક રીતે જ વિજળી વધુ વપરાય છે. ઉનાળો જયારે તેના પીક પર હશે એટલે કે મે ના અંતમાં વિજળીનો વપરાશ ૬૦ મેગા વોટ સુધી પહોંચવાની સંભાવના છે. વિજમાંગને પહોંચી વળવા ટોરેન્ટ પાવરે ખાસ વ્યવસ્થા ગોઠવી છે.

## પાણીનો વપરાશ પણ વધ્યો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં હરિયાળી હોવા છતાં ઉનાળામાં ગરમી ખુબ પડે છે. ગરમીથી રાહત મેળવા માટે આંગણામાં કે બગીચામાં પાણીનો છંટકાવ વસાહતીઓ કરતા હોય છે. આ ઉપરાંત દૈનિક ક્રિયાઓમાં પણ પાણીનો વધુ વપરાશ થાય છે. ઉનાળો આકરો બનતા પાણીનો વપરાશ વધ્યો છે. ગાંધીનગરમાં દરરોજ ૪૫ એમએલડી પાણીનો વપરાશ થાય છે. એપ્રિલ મહિનામાં ૧૫ એમએલડી જેટલો વપરાશ વધ્યો છે. પાણીના વપરાશને ધ્યાને રાખી તેના સંસાધનો વધારવા માટે પાટનગર યોજના વિભાગે કમર કસી છે.

# ચ-૦ થી ઈન્દિરાબ્રીજનો ૧૧ કિમીનો સર્વિસ રોડ ફોરલેન બનાવાશે

### ૭૨ કરોડના ખર્ચનો અંદાજ : હજુ વહીવટી મંજૂરી મળી નથી



ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર-અમદાવાદ કોરીડોરને અનુલક્ષી ચ-૦ થી ઈન્દિરાબ્રીજ માર્ગ પરના સર્વિસ રોડને ફોરલેન બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરી માટે રૂ. ૭૨ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. જ્યારે આ કામને અનુલક્ષી વિભાગકક્ષાએથી હજુ વહીવટી મંજુરી મળી નથી.

ગાંધીનગર-અમદાવાદ ટ્વીનસીટીને અનુલક્ષી કોરીડોર બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. ટ્રાફિકથી ધમધમતા આ માર્ગ પર વાહનોની અવરજવર વધુ સરળ બને તે માટે કોરીડોરના પ્રોજેક્ટને અનુલક્ષી કરોડોનો ખર્ચ કરવામાં આવનાર છે. જ્યારે કોરીડોરના આયોજનને અનુલક્ષી ચ-૦ થી ઈન્દિરાબ્રીજ માર્ગ પર સર્વિસ રોડને ફોરલેન કરવા પણ તંત્ર કક્ષાએ પૂર્વ તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. આ કામગીરી માટે રૂ. ૭૨ કરોડના ખર્ચના અંદાજ સાથે પાટનગર યોજના કક્ષાએથી વહીવટી મંજૂરી અર્થે વિભાગને દરખાસ્ત સુપ્રત કરવામાં આવી છે. પરંતુ ૧૧.૪૦ કિ.મી.ના આ સર્વિસ રોડને ફોરલેન કરવાની દરખાસ્ત સંદર્ભે ચાર મહિનાના અંતે પણ કોઈ નિર્ણય લેવાયો નથી. વિભાગ દ્વારા આ કામગીરીને અનુલક્ષી ડીટેઈલ એસ્ટીમેટ મંગાવાયો છે. સર્વિસ રોડને અનુલક્ષી રૂટમાં સ્થિત શાહપુર, કુડાસણ અને કોબા સહિતના ગામોની એન્ટ્રી સંદર્ભે પણ જરૂરી આયોજન કરવામાં આવશે. જ્યારે ક્રોસ એન્ટ્રીને અનુલક્ષી ઓવરબ્રીજનું કામ પણ હાથ ધરવામાં આવશે.

# સાત નાયબ પોલીસ અધિક્ષકોની બદલી

| ક્રમ | અધિકારીનું નામ અને હાલની જગ્યા | સુચિત બદલીથી નિમણૂંકની જગ્યા |
|---|---|---|
| ૧. | શ્રી એસ.બી. રાવત<br>વિભાગીય પોલીસ અધિકારી-નડીયાદ | નાયબ પોલીસ અધિક્ષક, જોઈન્ટ ઈન્ટ્રોગેશન સેન્ટર, ભુજ-કચ્છ (પૂર્વ) |
| ૨. | શ્રી પી.આર. ગેલોત<br>વિભાગીય પોલીસ અધિકારી, મોડાસા | વિભાગીય પોલીસ અધિકારી, હિંમતનગર |
| ૩. | શ્રી કે.સી. દવે<br>એસ.સી./એસ.ટી. સેલ, ડાંગ | વિભાગીય પોલીસ અધિકારી, જૂનાગઢ |
| ૪. | શ્રી કે.બી. ઝાલા<br>નાયબ પોલીસ અધિક્ષક, સી.આઈ.ડી. (ક્રાઈમ)-વડોદરા | વિભાગીય પોલીસ અધિકારી, મોડાસા |
| ૫. | શ્રી એચ.બી. ઝાલા<br>નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી. એસ.ટી. સેલ, કચ્છ | વિભાગીય પોલીસ અધિકારી, કેવડીયા |
| ૬. | શ્રી એમ.એસ. પટેલ<br>મદદનીશ પોલીસ કમિશનર, ડી-ડીવીઝન, વડોદરા શહેર | સી.આઈ.સેલ, સી.આઈ.ડી. ક્રાઈમ, ગાંધીનગર |
| ૭. | શ્રી એમ.એ. ચૌહાણ, નાયબ પોલીસ અધિક્ષક, એસ.સી.આર.બી., ગાંધીનગર | નાયબ પોલીસ અધિક્ષક, મુખ્ય મથક-નવસારી |

# કલ્પતરૂએ પરિવારની મહિલાઓને ગૃહ ઉદ્યોગ માટે વગર વ્યાજની લોન આપી

(સંજય થોરાત) ગાંધીનગર, તા.૮

કલ્પતરૂ કંપનીની લાયબ્રેરીમાં શ્રીમતી રચના સચદેવાની અધ્યક્ષતામાં દસ-બાર જણની હાજરીમાં એક નાનકડો કાર્યક્રમ માત્ર દસ જ મિનીટમાં અત્યંત સાદાઈથી સંપન્ન થયો. પણ એ મહત્વનાં કાર્યક્રમથી દસ પરિવારની મહિલાઓ આત્મનિર્ભર બની. એમનાં પરિવારને આર્થિક ટેકો આપવા સ્વરોજગારીએ લાગી..અને એ માટે આજે એમને આ નાનકડાં કાર્યક્રમમાં ચેક અર્પણ થયાં...વાત જાણે એમ બની કે કલ્પતરૂ કંપનીમાં કર્મચારીઓ માટે એક અદ્યતન લાયબ્રેરી અસ્તિત્વ ધરાવે છે. આ લાયબ્રેરીનાં નેજા હેઠળ કર્મચારીઓના બાળકો અને ગૃહિણીઓ માટે અનેકવિધિ પ્રવૃત્તિઓ આયોજીત થાય છે.



કલ્પતરૂ પરિવારમાં જોડાયેલાં કારીગર અને કર્મચારીઓનાં પરિવારની મહિલાઓ પગભર થાય. પોતે આવક ઉભી કરી પરિવારને આર્થિક સમૃધ્ધ બનાવે એવી ઉદાત્ત ભાવનાથી આ લાયબ્રેરી કમિટીએ એમને વ્યવસાય કરવા ગૃહઉદ્યોગ ચલાવવા વગર વ્યાજનાં લોનની વ્યવસ્થા કરી આપી... જેવો જેમણે વ્યવસાય પસંદ કર્યો એ પ્રમાણમાં સાધન સામગ્રી કે મશીનરી લાવવાં યથાયોગ્ય આર્થિક સહયોગ આપ્યો. આમાં મહ્ત્વની વાત એ છે કે એમણે આ લોનનાં હપ્તા વ્યવસાય શરૂ કર્યાના ૬ મહિના બાદ કે ધંધો નફો કરતો થાય એનાં બાદ આપવા જેવી મુકતતાં આપી દીધી!!

નરેન્દ્ર મોદીનું વાંચે ગુજરાત અભિયાન કલ્પતરૂ કંપનીમાં તો ૨૦૦૫માં જ કારીગર-કર્મચારીઓ માટે લાયબ્રેરીની વ્યવસ્થા કરી શરૂ થઈ ગયેલું...કર્મચારીઓને વાંચતા કરવા અને જ્ઞાનમાં આત્મવૃધ્ધિ કરવાં એક નાના પાયે પુસ્તકાલય ચાલુ કર્યું. શરૂઆતમાં એ વખતનાં કંપનીના એમ.ડી. શ્રી કે.વી. મણીના શ્રીમતી શીલા મણીએ અત્યંત ઉત્સાહથી રસપૂર્વક આ પ્રવૃત્તિ હાથ ધરી...કંપનીના ઉચ્ચ અધિકારીઓ શ્રી કમલ જૈન, શ્રી ડી.બી. પટેલથી લઈ નાનામાં નાના કર્મચારીઓએ આ લાયબ્રેરી માટે પુસ્તકો સ્વેચ્છાએ ભેટમાં આપ્યાં... મોર્ડન ટચ ધરાવતી એ.સી.ની સુવિધા બેસવાની વિશાળ જગ્યા અને પુસ્તક મેગેઝીનનાં રેકમાં હિન્દી, ગુજરાતી, અંગ્રેજી પુસ્તકો સાથે લાયબ્રેરી ધમધમવાં લાગી. પછી તો લાયબ્રેરીમાં પુસ્તકો વસાવવાં અને લાયબ્રેરી અંતર્ગત અન્ય પ્રવૃત્તિઓ ચલાવવાં એક કમિટી સંગઠીત થઈ અને એનું અલાયદું ફંડ પણ નિશ્ચિત થયું!!

દરેક પ્રકારનાં પુસ્તકો અને શ્રેષ્ઠ લેખકોનાં પ્રસિધ્ધ પુસ્તકોની સાથોસાથ વિવિધ જાતનાં પચીસેક મેગેઝીન અને ચાર-પાંચ ન્યૂઝ પેપર નિયમીત લાયબ્રેરીમાં આવવા લાગ્યાં..ધીમે ધીમે નાના બાળકો માટેની અવનવી ગેમ્સ વસાવી અને એને પણ પુસ્તકની જેમ એન્ટ્રી કરીને સૌને રમવાં આપવાં લાગ્યાં જેથી પરિવારના સભ્યો પર ગેમનાં ખર્ચાનું ભારણ ના પડે!! મનોરંજન અને ટેકનીકલ સી.ડી. ડીવીડીની લાયબ્રેરી વિકસાવી એને પણ સર્કયુલેટ કરવાં લાગ્યાં. દર મહિને કર્મચારીઓને લાયબ્રેરીમાં વસાવેલાં અને નવાં આવેલાં પુસ્તકો એના લેખકોનાં નામ સાથેની યાદી ઈમેલ દ્વારા મોકલાવાય છે, જેથી વાંચક એની ઈચ્છા મુજબ પુસ્તક, સીડી કે ગેમ લઈ એનો ઉપયોગ કરી શકે...

કલ્પતરૂની ઉત્સાહી લાયબ્રેરી કમિટીમાં રચના સચદેવા, ઈલા બરૈયા, સુમન, જીજ્ઞા શાહ, એમ.એ. બારૈયા, અનુપસિંહ રાઠૌર, સાત્વિક ત્રિવેદી, મહેન્દ્ર પટેલ, મહેન્દ્ર વૈદ્ય, વિમલ શાહ, કે.ડી. ભાવસાર, સંજય થોરાત, સૌમ્યા, સંગીતા, પ્રવિણ પોતાનો એકિટવ સહયોગ આપી કાર્યક્રમો સફળ બનાવે છે.. લાયબ્રેરી કમિટીએ પુસ્તકાલય એનાં લયમાં આવી જતાં બાળકો અને મહિલાઓનાં સર્વાંગી વિકાસ અને મનોરંજન માટે વિવિધ કાર્યક્રમો ચાલુ કર્યા. અત્યારે વરસનાં બાર કાર્યક્રમ બાળકો માટે અને ચાર કાર્યક્રમો મહિલાઓ માટે યોજાય છે.

ફિલ્મ શૉ, કિવઝ, નેચરપાર્ક વિઝીટ, સ્પોર્ટસ, ઈન્ડસ્ટ્રીયલ વીઝીટની સાથોસાથ મેડિકલ હેલ્થ ચેક અપ ગાંધીનગરનાં નિષ્ણાંત ડૉકટરોના હસ્તે કરાવી માત્ર કલ્પતરૂનો કર્મચારી જ તંદુરસ્ત રહે એવું નહીં પણ એનાં પરિવારના સૌ સભ્યો સ્વસ્થ રહે એ માટે પણ વિશેષ ધ્યાન રાખે છે. મે મહિનામાં યોજાતો કલ્પતરૂનો સમર કેમ્પ એ પરિવારનાં બાળકો માટે અનોખું આકર્ષણ ધરાવે છે. જેમાં યોગ, પેઈન્ટીંગ, ડાન્સ, કલેવર્ક, કેલિગ્રાફી અને સ્ટેજ પરફોર્મન્સ જેવાં કાર્યક્રમો યોજાય છે.

મહિલાઓ માટે યોજાતાં કાર્યક્રમો જવાં કે રંગોલી-મહેંદી સ્પર્ધા, વેસ્ટ ઈન ટુ બેસ્ટ, અક્ષયપાત્ર વિઝીટની સાથે, દિવાળીનાં સમયગાળામાં ગાંધીનગરની જાહેર જનતા માટે યોજાતો 'દિવાળી મેલા'ના આયોજનથી મહિલાઓ માટે વિવિધ

● અનુસંધાન પાન-૫ પર

## ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ

બ્લોક નં. ૧૮, ૪થો માળ, ઉદ્યોગ ભવન, સે.૧૧, ગાંધીનગર

ફોન નં. : ૦૭૯ - ૨૩૨૪૯૦૧૭, ૨૩૨૪૯૦૧૮

ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળની કચેરી દ્વારા લોકઉપયોગી યોજનાઓના લોકાર્પણ અને ભૂમિપૂજન કાર્યક્રમ પ્રસંગે જરૂરિયાત પ્રમાણે કોર્પોરેટર અને થ્રી ડી પ્રેઝન્ટેશન, શોર્ટ ફિલ્મ, વિડીયોગ્રાફી અને ફોટોગ્રાફીની કામગીરી કરાવવા માટે રસ ધરાવતી અને જરૂરી લાયકાત ધરાવતી એજન્સીઓ પાસેથી સીલબંધ કવરમાં ભાવ મંગાવે છે.

| ક્રમ | વિગત | ટેન્ડર ફી | ટેન્ડર પરત આપવાની આખરી તારીખ |
|---|---|---|---|
| ૧. | સત્તામંડળની કચેરી દ્વારા યોજાનાર વિવિધ લોકઉપયોગી યોજનાઓના લોકાર્પણ અને ભૂમિપૂજન કાર્યક્રમ પ્રસંગે જરૂરિયાત પ્રમાણે કોર્પોરેટ અને થ્રી ડી પ્રેઝન્ટેશન, શોર્ટ ફિલ્મ, વિડિયોગ્રાફી અને ફોટોગ્રાફીની કામગીરી કરવા બાબત. | ૫૦૦/- | ૨૦-૪-૨૦૧૨<br>૧૭-૦૦ કલાક સુધી |

ઉપરોક્ત કામના નિયત ટેન્ડર ફોર્મ ઉપર જણાવ્યા અનુસારની તારીખ સુધીમાં કચેરી સમય દરમિયાન કચેરીના સરનામેથી ઉપલબ્ધ રહેશે.

**નોંધ : કવર ઉપર કામનું નામ અવશ્ય લખવાનું રહેશે.**

**સ્થળ : ગાંધીનગર**

**મુખ્ય કારોબારી અધિકારી**
**ગાંધીનગ શહેરી વિકાસ સત્તામંડળ**

## બેસણું



અમારા પિતાશ્રી **દેવાભાઈ નાથાભાઈ ભરવાડ (સમાજ અગ્રણી)**નું દુઃખદ અવસાન તા. ૭-૪-૨૦૧૨ના રોજ (શનિવારે) થયેલ છે. **સદ્ગતનું બેસણું તા. ૯-૪-૨૦૧૨ ને સોમવાર**ના રોજ રાખેલ છે. **સમય : સવારે ૯ થી ૨**

**લૌકિક ક્રિયા (પાણી ઢોળ) સમાજના રીત-રિવાજ મુજબ તા. ૧૩-૪-૨૦૧૨ ને શુક્રવારના રોજ રાખેલ છે.**

**સ્થળ : ભરવાડ વાસ, મુ. ભાટ, તા.જિ. ગાંધીનગર. (મેલડી માતાજીનું મંદિર)**

**લિ.**

| | |
|---|---|
| સ્વ. ભીખાભાઈ નાથાભાઈ ભરવાડ | અમરતભાઈ કાળુભાઈ ભરવાડ |
| સ્વ. કાળુભાઈ દેવાભાઈ ભરવાડ | ગીરીશભાઈ ગોવિંદભાઈ ભરવાડ |
| ગોવિંદભાઈ દેવાભાઈ ભરવાડ | ચેતકભાઈ ભલાભાઈ ભરવાડ |
| કનુભાઈ દેવાભાઈ ભરવાડ | ગૌતમભાઈ ભલાભાઈ ભરવાડ |
| ભલાભાઈ દેવાભાઈ ભરવાડ | રવિભાઈ લાલાભાઈ ભરવાડ |
| લાલાભાઈ ભીખાભાઈ ભરવાડ | મયુરભાઈ લીલાભાઈ ભરવાડ |
| અરવિંદભાઈ કાળુભાઈ ભરવાડ | માહિરભાઈ અશોકભાઈ ભરવાડ |
| પ્રકાશભાઈ કાળુભાઈ ભરવાડ | |

**આજરા પરિવાર (ભાટ ગામ)**




ઈશ્વરકૃપા ટાયર સર્વિસ

એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા

CEAT BIRLA TYRES

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

TMT BARS - ISI

TATA STEEL • PIPES • SHEETS

C. PVC, UPVC

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૯૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૯૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેકસ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com